" પરિપત્ર "

ક્રમાંક : મઉમશબ/જે/પરીક્ષા
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ,
વડોદરા.

તારીખ : ૭/૯/૨૦૧૨

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય** : વિજ્ઞાન અને ટેક્નોલોજી (૧૧) અને ગણિત (૧૨) ના વિષયની પરીક્ષાના જૂના કોર્ષના વિધાર્થીઓને ત્રીજી તક આપવા બાબત.

આથી રાજ્યની તમામ સરકારી અનુદાનિત, બિનાનુદાનિત માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, ધોરણ ૧૦ માં શૈક્ષણિક સત્ર જૂન-૨૦૧૨ થી વિજ્ઞાન અને ટેકનોલોજી (૧૧) અને ગણિત (૧૨) માં નવા પુસ્તકો અમલમાં આવેલ છે. અભ્યાસક્રમ સમૂળગો બદલાયેલ નથી. પરંતુ અભ્યાસક્રમના વિષયાંગોનું પુન:ગઠન થયું છે તે સંજોગોમાં જુના ઉમેદવારોને વધુ એક તક (ત્રીજી તક) મળી રહે તે સારૂ માર્ચ-૨૦૧૩ માં વિજ્ઞાન અને ટેક્નોલોજી (૧૧) અને ગણિત (૧૨) વિષયના પ્રશ્નપત્રો નવા અભ્યાસક્રમ ઉપરોક્ત જુના અભ્યાસક્રમ મુજ્બ પણ કાઢવામાં આવશે જેનો લાભ રીપીટર વિધાર્થીઓ તેમજ GSOS ના રીપીટર વિધાર્થીઓ પણ લઇ શકશે.

ઉક્ત બાબતની જાણ સંબંધિત વિષય શિક્ષકો, વાલીઓ અને વિધાર્થીઓને કરવાની રહેશે.

(એન.એમ.મહેતા)
પરીક્ષા સચિવ,
ગુજ. માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ,
(પરીક્ષા વિભગ),
વડોદરા.

**પ્રતિ,**

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ) તરફ આપના તાબા હેઠળની તમામ નોંધાયેલી માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા અમલ કરવા સારૂં.

**સવિનય નકલ રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- માન. નાયબ અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકરીશ્રી, (સંશોધન શાખા) ગુજરાત માધ્ય. અને ઉચ્ચ. માધ્ય. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર